# Day to Day Current Affairs

22 **March-2015**

૧) **22 માર્ચ : વર્લ્ડ વોટર ડે** ( વિશ્વ જળ દિવસ) ઇ.સ.1993માં સંયુકતરાષ્ટ્ર સંઘની સાધારણ સભાએ 22 માર્ચને વિશ્વ જળ દિવસ તરીકે જાહેર કર્યો છે.

૨) **ત્રિભુવનદાસ લુહાર :** ‘સુંદરમ’ ના તખલ્લુસથી પ્રચલિત અને ગાંધીયુગના  કવિયત્ર ત્રિભુવનદાસ લુહારની આજે 108મી જન્મજયંતિ છે. જન્મ : ભરુચ જિલ્લાના જંબુસર તાલુકાનું મિયામાતર ગામ. તેમના પ્રખ્યાત કાવ્ય સંગ્રહો : ‘કોયા ભગતની કડવી વાણી’, ‘ કાવ્યમંગલા’, ‘યાત્રા’, ‘ વસુધા’. ‘કાવ્યમંગલા’ માટે તેમને રણજીતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો હતો. 13 જાન્યુઆરી 1991ના સુન્દરમે અંતિમ શ્વાસ લીધા હતાં.

3) **માર્ટિન ગપ્ટિલ :** ન્યુઝિલેન્ડ ક્રિકેટર. ન્યુઝિલેન્ડના માર્ટિન ગપ્ટિલે વેસ્ટઇન્ડિઝ સામેની  ક્વાટર ફાઇનલમાં 237 રન ફટકારતા વર્લ્ડકપમાં હાઇએસ્ટ વ્યકિગત સ્કોરનો નવો વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો હતો. અગાઉ વેસ્ટઇન્ડિઝ ક્રિકેટર ક્રિસ ગેઇલ 215 રન સાથે પ્રથમ હતો. વન ડે માં આ છઠ્ઠી બેવડી સદી લાગી. ન્યુઝિલેન્ડ તરફથી કારકિર્દીની પ્રથમ વન-ડેમાં જ સદી ફટ્કારનારો ગપ્ટિલ સૌપ્રથમ ક્રિકેટર છે.

www.vivekanandacademy.org